અપીલ અરજી નં.૧૮૪ તા.૮–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી હિંમતભાઈ ખોડાભાઈ વસોયા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હિંમતભાઈ ખોડાભાઈ વસોયાની તા.૯–૮–૧૦ ની અરજીથી કતારગામ રે.સ. નં.૩૬૧–૧–ક, ટી.પી. નં.૪ ના એફ.પી. નં.૨૦૫ પૈકી પ્લોટ નં.૧,૨ તથા ૩ તથા ૪,૫ ની રજાચીઠ્ઠી અને મંજુર થયેલ પ્લાનની નકલ ની (સદરહુ રજાચીઠ્ઠીઓ તા.૧૫–૩–૧૯૮૦ ના રોજ આપવામાં આવેલ છે.) માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૮–૯–૧૦ ની **SMC/FAP/** નં.૧૮૪/૨૦૧૦–૧૧

શ્રી હિંમતભાઈ ખોડાભાઈ વસોયાની તા.૯–૮–૧૦ ની અરજીથી કતારગામ રે.સ. નં.૩૬૧–૧–ક, ટી.પી. નં.૪ ના એફ.પી. નં.૨૦૫ પૈકી પ્લોટ નં.૧,૨ તથા ૩ તથા૪,૫ ની રજાચીઠ્ઠી અને મંજુર થયેલ પ્લાનની નકલ ની (સદરહુ રજાચીઠ્ઠીઓ તા.૧૫–૩–૧૯૮૦ ના રોજ આપવામાં આવેલ છે.) માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૩૨૩ તા.૪–૯–૧૦ થી આપેલ માહિતીમાં પ્લાનની નકલ આપેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં પ્લાન રજીસ્ટર સાથે ખરાઈ કરી પ્રત્યુત્તર મુકાયેલ છે કે કેમ? તે ચકાસી દફતરે ન હોવા અંગે સ્પષ્ટતા કરવા પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૭૦૭ તા.૧૬–૯–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને તથા અરજદારને અપીલ અરજીમાં " નકલ હોવા છતાં નહીં આપવા " ના દાવા અંગે આધાર સહ રજુઆત કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૪–૯–૧૦ ના રોજ મળેલ પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૩૨૩ તા.૪–૯–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૩–૯–૧૦ ના રોજ મળેલ પુરક માહિતીમાં આધાર તરીકે સદરહુ મિલ્કતમાં પ્લોટ નં.૩ ની બીએસઆર નં.૨૭૮૭ તા.૧૫–૩–૮૦ ના રજાચિઠ્ઠીની નકલ હત્રે રજુ કરેલ છે.

અરજદારની આઈ ડી નં.૩૨૩ તા.૯–૮–૧૦ ની અરજીથી કતારગામના રે.સ. નં.૩૬૧–૧–ક ટીપી નં.૪ ના એફ પી. નં.૨૦૫ પૈકી પ્લોટ નં.૧,૨ તથા ૩ તથા ૪,૫ ની રજાચિઠ્ઠી અને મંજુર થયેલ પ્લાનની નકલ આપવી. (સદરહુ રજાચીઠ્ઠીઓ તા.૧૫–૩–૧૯૮૦ ના રોજ આપવામાં આવેલ છે.) તેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૩૨૩ તા. ૪–૯–૧૦ થી " ટીપી નં.૪ ના એફ પી. નં.૨૦૫ પૈકી પ્લોટ નં.૧,૨ તથા ૩ તથા ૪,૫ ની રજાચિઠ્ઠી અને મંજુર થયેલ પ્લાન ઉપરોકત મિલ્કતના મંજુર પ્લાનો વરાછાઝોન કચેરીએ ઉપલબ્ધ ન હોય માંગ્યા મુજબની માહિતી આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ. જેના સંદર્ભે અરજદારે સદર નિર્ણયના મળેલા પ્રતિભાવથી નારાજ થઈ પ્લાનની નકલો હોવા છતાં ન આપવાનું કારણ જણાવી તા.૮–૯–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ / ૭૦૭ તા.૧૬–૯–૧૦ ના રોજ અપીલ તબકકે પત્ર પાઠવવામાં છતાં જાહેર માહિતી અધિકારી તરફથી પ્લાન રજીસ્ટર સાથે ખરાઈ કરી પ્રત્યુત્તર મુકાયેલ છે કે કેમ? તે ચકાસી દફતરે ન હોવા અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. સરખા પત્ર નંબરથી અરજદારને પણ પાઠવેલ પત્ર બાબતે અરજદારને ટીપી નં.૪, ફા.પ્લોટ નં.૨૦૫ પૈકી પ્લોટ નં.૩ ની રજાચિઠ્ઠી શહેર વિકાસ અધિકારી સુરત મહાનગરપાલિકાના પત્ર નં.બીએસઆર નં.૨૭૮૭ તા.૧૫–૩–૮૦ થી સદર પ્લાન ની રજાચિઠ્ઠીની નકલ આધાર તરીકે રજૂ કરેલ છે.જેમાં રીવાઈઝ પ્લાન મંજુર કરવામાં આવેલ છે અને આ સાથે મંજુર પ્લાનની નકલ સામેલ છે તેવું પણ જણાવેલ છે. પરંતુ અરજદારે સદર મિલ્કત પૈકી અન્ય પ્લોટ ૧,૨ તથા ૪,૫ ની રજાચિઠ્ઠી તેમજ સદર તમામ પ્લોટની પ્લાનની નકલની માંગણી કરેલ છે જે જાહેર માહિતી અધિકારીએ ઉપલબ્ધ ન હોવા અંગેની માહિતી આપેલ છે જે બાબતે પ્લાન રજીસ્ટર સાથે ખરાઈ કરી અથવા તો પુનઃ દફતરની ચકાસણી કરી અરજદારને નહીં પૂરી પડાયેલી માહિતી પૈકી દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડવાની રહે. અન્યથા માહિતી ઉપલબ્ધ નહીં હોવા અંગે દફતરી નાશ કે નિકાલની વિગતો પૂરી પાડવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૮–૧૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી દફતરી પ્લાન રજીસ્ટર સાથે ખરાઈ અને ચકાસણી કરી રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા અન્યથા દફતર ઉપલબ્ધ નહીં હોવા અંગે દફતરના નાશ કે નિકાલની વિગતો અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન ).....જાણ તથા અમલ માટે
(૨) શ્રી હિંમતભાઈ ખોડાભાઈ વસોયા,